જે દેશના લોકોને પોતાની માતૃભાષા અને સાહિત્યનું ગૌરવ નથી તેઓ વિકાસ નથી સાધી શકતા

યોજનાના લાભ, સબસીડીને આધારકાર્ડની સાથે જ જોડાશે

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ જણાવ્યું છે કે, કેન્દ્ર અને રાજય સરકાર સહાચિત વિવિધ યોજનાઓના લાભો, સહાય અને સબસીડી સાચા વ્યક્તિઓને સંપૂર્ણ પારદર્શિતા મળી રહે તે માટે આ યોજનાઓને આધાર કાર્ડ સાથે જોડવાનો મહત્વકાંક્ષી નિર્ણય ગુજરાત સરકારે કર્યો છે. આજે ગુજરાત વિધાનસભા ખાતે ગુજરાત આધાર નાણાકીય અને અન્ય સબસીડી, લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ વિધેયક રજુ કરતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ દેશના નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓના લાભો સીધેસીધા મળી રહે તે માટે પારદર્શિતા લાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયનો વિવિધ રાજય સરકારો પણ અમલ કરશે તો ચોક્કસ વચેટીયા પ્રથા દુર થશે. ભૂતકાળમાં લોકો ખોટા આધાર પુરાવા રજુ કરીને વિવિધ યોજનાઓના લાભો અને સબસીડી લઈ જતા હતા તે પ્રથા દુર થશે અને સાચા લાભાર્થીને લાભ મળશે સાથેસાથે રાહત દરની આવશ્યક ચીજવસ્તુઓ પણ લાભાર્થીઓને સરળતાથી મળશે. આધાર કાર્ડ યોજનાની કલમ ૯૭માં યોજનાના લાભો સાથે આધાર કાર્ડને જોડવાની ભલામણ રાજય સરકારને કરાઈ છે તેને ધ્યાને લઈને ગુજરાત સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

કાંકરેજના માનપુર (શિ) ગ્રામ પંચાયતની ગૌચરમાં દબાણ અંગે સર્વે કામગીરી હાથ ધરાઈ, દબાણકારોમાં ફફડાટ

કાંકરેજ, તા. ૨૦

કાંકરેજ તાલુકાના માનપુર(શિ)માં ગૌચરની જમીન હડપ કરનાર સરપંચ પતી સહિત અન્ય દબાણદારોમાં સોંપો પડી જવા પામ્યો છે. જો કે માનપુર ગામના જાગૃત નાગરીક વાઘેલા અમરસિંહ કેશાજી દ્વારા ઉચ્ચ કક્ષાએ ખાતા નં. ૧૫૫ સર્વે નં. ૨૬માં દબાણદાર વાઘેલા રણુભા જામાજી વિરૂદ્ધ લેખિત રજૂઆતો કરતાં તાલુકા પંચાયતમાંથી સર્કલ પરમાર તથા ત.ક. મંત્રી માનપુર દ્વારા દબાણ નક્કિ કરી રીપોર્ટ કરાયો હતો. ત્યારબાદ ગ્રામ પંચાયતમાં

થયેલ દબાણમાં ફરીથી પુનઃ વાવેતર કરીને દબાણ દ્વારા પોત પ્રકાશવામાં આવ્યુ હતુ.

જો કે સર્વે નં. ૨૬માં મોટા પ્રમાણમાં દબાણ કરી કાળી કમાણી કરનાર અને ગાયોને મોઢેંથી કોળીયો છીનવનાર કોઈ નહિ પરંતુ માનપુર(શિ) ના પૂર્વ સરપંચ પતિદેવ જ હતા. જેને તા. ૨૦-૨-૨૦૧૭ના રોજ સર્વૈયર પાલનપુર જિલ્લા જમીન દફતર અધિકારી જે.ડી. સોની તથા તલાટી કમ મંત્રી પ્રકાશ ચૌધરી તેમજ માનપુર(શિ)ના નવનિયુક્ત સરપંચ કાકુભા વાઘેલા તેમજ ગ્રામ્ય આગેવાનોની હાજરીમાં જમીન માપણી કર્યા બાદ ૪૦ જેટલા ખુંટ મારવામાં આવ્યા હતા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જો કે દબાણદાર માથાભારે હોવાથી અરજદાર અમરસિંહ વાઘેલાએ શિહોરી પીએસઆઈ એચ.કે. મકવાણાનો સંપર્ક કરી સરપંચ પાસે પોલીસ બંદોબસ્તની માંગણી કરીને જમીનમાં કરેલ વાવેતરની જગ્યાએ પોલીસની હાજરીમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવતા કાંકરેજની અન્ય ગ્રામ પંચાયતો સામે દબાણ બાબતની રજુઆતો કરવામાં આવેલ છે તેવી ગ્રામ પંચાયતોના દબાણદારોમાં હડકંપ મચી જવા પામ્યો છે. હવે દબાણ દૂર ક્યારે થશે અને શું કાર્યવાહિ કરાશે તે જોવું રહ્યું.

આ પણ વાંચીએ...

ટ્રક મિકેનીક શાંતિદેવી મિનીટોમાં જ પંક્ચર બનાવી દે છે

દિલ્હીના ૫૫ વર્ષિય શાંતિદેવી દેશના એક માત્ર મહિલા છે જેઓ ટ્રકના ટાયરને મિનીટોમાં જ પંક્ચર બનાવી લગાવી જાણે છે. તેમના માટે મોટી મોટી ટ્રકના ટાયર બદલવુ ડાબા હાથનો ખેલ છે. મહેનત અને મજૂરીનું કામ કહેવાતુ આ કાર્ય ભાગ્યે જ કોઈ કરે છે. પરંતુ શાંતિદેવી છેલ્લા ૨૦ વર્ષથી પંક્ચર થયેલા ટ્રકના ટાયરને કાઢવા, તેના પંક્ચર બનાવવા અને પુનઃ ટાયરને ટ્રકમાં લગાવવા સુધીનું કાર્ય ખુબ જ ઝડપથી કરી જાણે છે. તેઓ દરરોજ ૧૦ થી ૧૫ ગાડીઓના ટાયર બદલે છે. એટલુ જ નહી તેઓ ૫૦ કિલોના ટાયરને પણ આરામથી ઉંચકી શકે છે.

આ શહેરનો દર ત્રીજો વ્યક્તિ છે કરોડપતિ



દુનિયાના ઘણા સમૃદ્ધ દેશો વિશે આપણને થોડી ઘણી જાણકારી છે પરંતુ ફ્રાંસની નજીક આવેલા મોનાકો શહેર વિશ્વનું એકમાત્ર એવું શહેર છે જેનો દર ત્રીજો વ્યક્તિ કરોડપતિ છે. આ શહેરની કુલ વસ્તી ૩૮ હજાર છે. તે પૈકીના ૧૩ હજારથી પણ વધુ વ્યક્તિઓ કરોડપતિ છે. મોનાકોની જીડીપી દુનિયાભરમાં સૌથી વધુ છે.

સ્ટાફને ખુશ કરવા ઓફિસમાં સિનેમા હોલ, ગેમ ઝોન બનાવ્યા

બ્રિટનમાં એક એવી કંપની છે જે પોતાના સ્ટાફને ખુશ કરવા માટે તેમની દરેક ઈચ્છા પુરી કરે છે. મની નામની આ કંપની ફાઈનાન્સિયલ સર્વિસીસ સાથે સંકળાયેલુ કામ કરે છે. કંપની સ્ટાફના ખાવા-પીવાથી લઈને તેમના ફરવા સુધીનો ખર્ચ ઉઠાવે છે. સ્ટાફને ખુશ કરવા ઓફિસમાં સીનેમા હોલ અને ગેમ ઝોન પણ બનાવ્યા છે.

ધાનેરા તાલુકાના આશિયા ગામે ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના અને ઓ.બી.સી., એસ.ટી.એસ.સી. એકતા મંચની જાહેર સભા યોજાઈ

બનાસકાંઠા જીલ્લા પ્રમુખ મેલાજી એમ.ઠાકોર તેમજ ઓ.એસ.એસ એકતા મંચના જીલ્લા પ્રમુખ નરસિંહભાઈ દેસાઈનું ધાનેરા

તાલુકાની ગોપાળ સેનાના પ્રમુખ નાગજીભાઈ દેસાઈ તેમજ ટીમ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું .તેની સાથે સાથે ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના ધાનેરા તાલુકા પ્રમુખ હ્સમુખજી ઠાકોર તેમજ ટીમ દ્વારા આશીયાથી ધાનેરા સુધી બાઈક રેલી તેમજ ડી.ઝે સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.આશિયા ગામના વતની અને ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેનાના જીલ્લા સંગઠન મંત્રી કેવળજી ઠાકોર તેમજ ગામના સરપંચ અને પૂર્વ સરપંચ તેમજ ગામસમિતિના હોદેદારો દ્વારા પાઘડી તેમજ ફૂલહાર દ્વારા ભવ્ય સ્વાગત કરી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આજુબાજુના ૨૦ ગામોમાંથી તમામ સમાજના લોકોએ હાજરી આપી હતી.જેમાં પ્રદેશ સલાહકાર રાયકણજી ઠાકોર .જીલ્લા મહામંત્રી-મનહરસિંહ ઠાકોર.જીલ્લા મહામંત્રી —મોઘજીજી ઠાકોર ,થરાદ તાલુકા પ્રમુખ-પ્રવીણજી ઠાકોર .ડીસા તાલુકા પ્રમુખ -બચુજી ઠાકોર તેમજ ધાનેરા તાલુકા, શહેરના હોદેદાર તેમજ ગામસમિતિએ હાજરી આપી હતી .આ સભાને સંબોધતા મેલાજી ઠાકોરે જણાવ્યું હતું કે આ સંગઠન સમાજના હિત માટેનું સંગઠન છે આપણો ઠાકોર સમાજ સંપૂર્ણપણે વ્યસનમુક્ત બને અને સમાજનું મજબુત સંગઠન બને તેમજ સમાજ શિક્ષિત બને અને તમામ ક્ષેત્રમાં સમાજ પ્રગતી કરે તે ઉદેશ્ય સાથે આપણી સેના કામ કરી રહી છે .જો આ સમાજને કઈં પણ અપાવશે તો આપણા પ્રદેશ પ્રમુખ એવા અલ્પેશજી ઠાકોર જ અપાવી શકશે. બીજા કોઈની તાકાત નથી કે કઈ અપાવી શકે .૫૦ વર્ષોમાં પહેલી વાર મોટી સંખ્યામાં સમાજ ભેગો થયો છે તો આપણે બધા અલ્પેશજી ઠાકોર પર આજ દિન સુધી ભરોશો મુકયો છે અને આગળ પણ આજ રીતે ભરોષો મુકીશું તો આ વખતે ગુજરાતની વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આપણા ફેવરમાં હશે તેવું જણાવ્યું હતું.

ઉત્તર ગુજરાત વીજ કંપની પાલનપુરના નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા એલ. એ. ગઢવીને તેમના સનિષ્ઠ સેવા ભાવી કાર્ય તેમજ ફરજ નિષ્ઠાની નોધ લઈ અધિક્ષક ઈજનેર તરીકે બઢતી થતા ખેડૂત, લઘુઉધોગ સહિત શુભેચ્છકોએ શુભકામનાઓ પાઠવી હતી. આજે જીલ્લા મથક પાલનપુર એરોમા સર્કલ નજીક આવેલા જીલ્લાની મુખ્ય ઉત્તર ગુજરાત વીજ કંપની ખાતે અધિક્ષક ઈજનેર એલ એ ગઢવીને પ્રજાપતિ સમાજના આગેવાનો તેમજ શહેરના આગેવાનોએ ફૂલહાર તેમજ સ્મૃતિ ચિહ્નન આપીં શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે બાબુભાઈ ચડોખીયા, ભીખાભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ પ્રજાપતિ, અશ્વિન પ્રજાપતિ, જયંતીભાઈ પ્રજાપતિ, લાલજી પ્રજાપતિ તેમજ પાલિકાના શાશક પક્ષના નેતા હસમુખભાઈ પઢીયાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના કાર્યાલય ખાતે માર્ગદર્શન શિબિર યોજાશે

રાજપૂત સમાજના જીપીએસસી કલાસ-૧ અને ૨ તેમજ પોલીસ ઈન્સ્પેકટર પ્રિલીમ્સ પરિક્ષા માટે શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગરના સહયોગથી શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા સેકટર-૧૭ કાર્યાલય ખાતે જીપીએસસી કલાસ-૧ અને ૨ તેમજ પીઆઈ માટે નવા કોર્ષ માટે પ્રથમ ઓરિએન્ટેશન શિબિરનું આયોજન આગામી તા.૨૫ ફેબ્રુઆરીને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે રાખવામાં આવેલ છે.જેમાં કોર્ષની વિગતવાર માહિતી તેમજ નવી પરિક્ષા પદ્ધતિની સમજણ આપવામાં આવશે. તમામ ઉમેદવારોએ સમયસર હાજર રહેવા કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલે જણાવ્યું છે.

સરડોઈમાં વિશ્વ પર્યાવરણ વૈજ્ઞાનિક દ્વારા જ્ઞાનસત્ર યોજાયું

મોડાસા, તા. ૨૦

મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં સંસ્કાર કલા કેન્દ્રમાં 'સૃષ્ટિ' અને 'એન.આઈ.એફ.' વૈશ્વિક સંસ્થાના સંયોજક અને આઈઆઈએમ અમદાવાદના વિશ્વ પર્યાવરણ વૈજ્ઞાનિક દ્વારા જ્ઞાન સત્ર યોજાયું હતું.

મોડાસા તાલુકાના સરડોઈ ગામના સંસ્કાર કલા કેન્દ્રમાં 'સૃષ્ટિ' અને 'એન.આઈ.એફ.' વૈશ્વિક સંસ્થાના સંયોજક અને આઈ.આઈ.એમ. અમદાવાદના વિશ્વ પર્યાવરણ વૈજ્ઞાનિક પદ્મશ્રી ડૉ. પ્રો. અનિલકુમાર ગુપ્તા દ્વારા જ્ઞાન-વિજ્ઞાન સંદર્ભે જ્ઞાન સત્ર યોજવામાં આવ્યુ હતુ. સરડોઈ સંસ્કાર કલા કેન્દ્રના નિયામક સૃષ્ટિ સન્માન વિજેતા મોતીભાઈ ભગવાનભાઈ નાયકના વડપણ હેઠળ યોજાયેલ આ જ્ઞાન સભામાં, સરડોઈ અને આજુબાજુના વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો-શિક્ષકો, કલાકારોએ પર્યાવરણ વિષયક માર્ગદર્શન મેળવ્યુ હતુ. સરડોઈ હાઈસ્કૂલના આચાર્યા એસ.યુ. બામણીયા, ખંભીસરના પ્રગતિશીલ ખેડૂત એન.આર. પટેલ, નિવૃત્ત આચાર્ય ભવાનીશંકર નાયક, નારાયણભાઈ પટેલ, અગ્રણી વેપારી ઈશ્વરચંદ્ર ભાવસાર, દિગ્વિજય નાયક, ચંદ્રેશ નાયક વગેરે આ જ્ઞાન સત્રમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ યોગદાન આપ્યું હતું.

નિલકંથ મહાદેવ ખાતે શ્રી ચોર્યાસી જુથ વાળંદ સમાજનો બાવીસમો સમુહ લગ્નોત્સવ યોજાયો

દહેગામ તાલુકાના નીલકંઠ મહાદેવ ખાતે શ્રી ચોર્યાસી જુથ વાળંદ સમાજનો ૨૨મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં વાળંદ સમાજના શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નવિધિ સાથે હસ્તમેળાપ અને મંગલફેરા ફરી લગ્નગ્રંથિથી નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતા. આ લગ્નોત્સવમાં શ્રી ચોર્યાસી જુથ વાળંદ સમાજ, દહેગામ સમુહ લગ્નોત્સવ સમિતિ અને નવદંપતિના માતા-પિતા દ્વારા આયોજિત લગ્નોત્સવમાં આજીવન પ્રેઝન્ટના દાતાઓ, બાવીસમા સમુહ લગ્નમાં નવદંપતિઓને વસ્તુના રૂપમાં તથા રોકડ રકમના દાનના દાતાઓ, ભોજનદાતા તેમજ સમાજના અગ્રણી મહેમાનો, જ્ઞાતિજનો, શુભપ્રસંગોની યાદગીરીરૂપે કન્યાદાન વસ્તુભેટ રૂપે દાતાઓ દ્વારા દાનની સરવાણી કરી હતી. સમુહ લગ્નોત્સવ ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં યોજાયો હતો.

તોફાની પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા ત્યારે શંકરસિંહ વાઘેલાની આગેવાનીમાં નલિયાકાંડ સંદર્ભે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી ધાંધલ ધમાલ મચાવવામાં આવી હતી. વિપક્ષના હોબાળાના કારણે રાજ્યપાલે પ્રવચન ટૂંકાવી દીધું હતું અને ગૃહ છોડીને જતા રહ્યા હતા. સતત ધાંધલ ધમાલના કારણે બે વાગ્યા સુધીમાં બે વખત ગૃહને મોકુફ રાખવાની ફરજ પડી હતી. કોંગ્રેસના સભ્યો સૂત્રોચ્ચાર કરીને ગૃહની વચ્ચોવચ્ચ આવી ગયા હતા. ગૃહની શરૂઆત થતા જ વિરોધ પક્ષના સભ્યોએ સૂત્રોચ્ચારની શરૂઆત કરી દીધી હતી. વિરોધ પક્ષના સભ્યોએ કાળા કપડા પહેરીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. ગૃહ શરૂ થતા જ તમિલનાડુના મુખ્યમંત્રી સ્વ.જયલલિતા, પૂર્વ મંત્રી ગાભાજી ઠાકોર, પૂર્વ મંત્રી ભોળાભાઈ ચતુરભાઈ પટેલ, પૂર્વ સભ્ય લક્ષ્મણભાઈ અને ખંભાતના પૂર્વ ધારાસભ્ય સિરીશકુમારના અવસાનના શોકદર્શક ઉલ્લેખો કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી, વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને અન્યોએ શ્રદ્ધાંજલિ આપી હતી.

બીએમસી ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અહીંનું બજેટ પણ ખૂબ મહાકાય રહેલું છે. આવતીકાલે મુંબઈના લોકો મોટાપાયે મતદાન કરે છે કે કેમ તે બાબત પણ મહત્વપૂર્ણ રહેશે. મતદાનના દિવસે રજા જાહેર કરાઈ છે પરંતુ અગાઉના આંકડા દર્શાવે છે કે મુંબઈમાં હંમેશા નિરાશાજનક મતદાન રહ્યું છે. છેલ્લી બે ચૂંટણીમાં ખૂબ ઓછુ મતદાન રહ્યું છે. ૨૦૦૭ની મ્યુનિસિપલ ચૂંટણીમાં માત્ર ૪૨ ટકા મતદાન થયું હતું. જ્યારે ૨૦૧૨માં ૪૪ ટકા મતદાન રહ્યું હતું. ઉત્તર ભારતીય મતદારો ૨૦૧૭ની બીએમસી ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. આ લોકો મોટાભાગે ઝુંપડપટ્ટીમાં રહે છે. રાજ્ય ચૂંટણી પંચે બીએમસી ચૂંટણી માટે ૯૫ કરોડ રૂપિયાનો ખર્ચ મતદાનની વ્યવસ્થા માટે કર્યો છે. ચૂંટણીમાં ૫૦ ટકા કરતા વધારે મતદારો ભાગે લે છે તે મહત્વપૂર્ણ બાબત છે. મુંબઈ જેવા મલ્ટી કલ્ચરલ સોસાયટીમાં જુદા જુદા સમુદાયના લોકો રહે છે. આ સુધરાઈ ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૯.૧૮ લાખની આસપાસની છે. જેમાં ૫૦ લાખ પુરુષ મતદારો અને ૪૧ લાખ મહિલા મતદારો છે. સરેરાશ ૪૨૦૦૦ મતદાર પ્રતિવોર્ડ નોંધાયા છે.

એમસી ચૂંટણી પહેલા બેઠકોની વહેંચણીને લઈને પણ તિરાડ પડી હતી. શિવસેનાને કુલ ૨૨૭ સીટો પૈકી માત્ર ૬૦ બેઠકો આપવાની ઓફર કરી હતી. જેને ભાજપે અપમાન તરીકે ગણાવીને ફગાવી દીધી હતી. ત્યારબાદ બંને પાર્ટીઓએ અલગ અલગ રીતે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. દેખાઈ રહ્યો ન હતો. આ વખતે કોંગ્રેસ, ભાજપ અને શિવ સેના તરફથી તમામ તાકાત બીએમસી ચૂંટણીમાં લગાવી દેવામાં આવી છે. સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા હતા. જેથી મુંબઈમાં કોણ જીતશે તેને લઈને ભારે ચર્ચા પણ છે.

મોંઘો ખેલાડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાસીદખાન સનરાઈઝ હૈદરાબાદમાં ચાર કરોડમાં ગયો હતો. ચેતેશ્વર પૂજારા અને ઈશાંત શર્મા જેવા સિનિયર ખેલાડીઓને કોઈ ખરીદાર મળ્યા ન હતા. આ બંને ખેલાડીઓની બેઝ કિંમત ૫૦ લાખ અને બે કરોડ રૂપિયા હતી. આજનો દિવસ ઈંગ્લેન્ડના ખેલાડીઓના નામ પર રહ્યો હતો. આ બંને ખેલાડી આઈપીએલ-૧૦ની હરાજીમાં મિલિયર ડોલર ક્રિકેટર બન્યા હતા. ક્રિસ વોક્સ માટે કલકતા નાઈટ રાઈડર્ગે ચાર કરોડની બોલી લગાવી હતી. પૂણેની ટીમ મોડેથી બોલીની પ્રક્રિયામાં સામેલ થઈ હતી. મુંબઈ ઈન્ડિયન્સ, દિલ્હી ડેરડેવીલ્સ, રોયલ ચેલેન્જર્સને પછડાટ આપીને સ્ટોકને પોતાની ટીમમાં ખરીદી લીધી હતો. ઈયાન મોર્ગનને પંજાબી તેની આધાર કિંમત બે કરોડ રૂપિયામાં મેળવી લીધો હતો. ચેતેશ્વર પુજાની બેઝપ્રાઈસ ૫૦ લાખ રૂપિયા હતી પરંતુ તેને કોઈ ખરીદાર મળ્યો ન હતો. અનિકેત ચૌધરીને બે કરોડ રૂપિયામાં આરસીબી દ્વારા ખરીદી લેવામાં આવ્યો હતો. તેની બેઝ પ્રાઈઝ ૧૦ લાખ રૂપિયા રાખવામાં આવી હતી. રાહલુ તેવતિયાને ૨૫ લાખ રૂપિયામાં કિગ્સ ઈલેવન પંજાબ દ્વારા ખરીદી લેવામાં આવ્યો હતો. એકલવ્ય દ્વિવેદીને સનરાઈઝે ૭૫ લાખમીં ખરીદી લીધો હતો. અફઘાનિસ્તાનના મોહમ્મદ નબીની બેઝ પ્રાઈઝ ૩૦ લાખ રૂપિયા હતી. સનરાઈઝ હૈદરાબાદ દ્વારા તેને ખરીદી લેવામાં આવ્યો હતો. એસ બદ્રીનાથને કોઈએ ખરીદી લીધો ન હતો. પ્રવીણ તાંબેને ૧૦ લાખની બેઝ પ્રાઈઝ પર સનરાઈઝે ખરીદી લીધો હતો. ૫૦ લાખની બેઝ પ્રાઈઝ વાળા અફઘાનિસ્તાનના રાશિદ ખાનને સનરાઈઝ દ્વારા ખરીદી લેવામાં આવ્યો હતો.

ભાગદોડ થઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે માલગાડીના બે ડબા પાટા પરથી ખડી પડ્યા હતા. બનાવમાં કોઈને ઈજા પણ થઈ ન હતી. જોકે આના કારણે ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. અનેક ટ્રેનોને રદ કરવામાં આવી હતી. કેટલાક ટ્રેનોના રૂટ બદલી દેવામાં આવ્યા હતા. દિલ્હી-કાનપુર વાયા બિહારમાં અપ અને ડાઉન રૂટ બંધ કરવામાં આવ્યા હતા. કાનપુર નજીક છેલ્લા ત્રણ મહિનામાં ત્રણ મોટા બનાવ બની ચુક્યા છે. ગયા વર્ષે ૨૧મી નવેમ્બરના દિવસે કાનપુર નજીક પુખરાયામાં ઈન્દોર-પટણા એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી હતી. આ બનાવમાં ૧૪ ડબા પાટા પરથી ઉતરી ગયા હતા. જેના લીધે ૧૫૦થી વધુ લોકોના મોત થયા હતા. ૧૭૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. ત્યારબાદ ૨૮મી ડિસેમ્બરના દિવસે રૂરા રેલવે સ્ટેશન નજીક સીયાલદા-અજમેર એક્સપ્રેસના ૧૫ ડબા પાટા પરથી ખડી પડ્યા હતા. આ બનાવમાં ૯૫ લોકો ઘાયલ થયા હતા. સમગ્ર મામલામાં તપાસના આદેશ કરવામાં આવી ચુક્યા છે. ટ્રેનની ગતિ ધીમી હોવાના કારણે ખુવારી ટળી ગઈ હતી.

કોંગ્રેસનો હલ્લાબોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભા તરફ કૂચ કરવામાં આવી હતી. પોલીસે તબક્કાવાર લેયર બનાવીને આગેવાનો-કાર્યકરોની અટકાયત કરીને પોલીસ વાનમાં બેસાડી એસપી ઓફીસ ખાતે લઈ ગઈ હતી. અટકાયત કામગીરી દરમિયાન કોંગ્રેસની મહિલા કાર્યકરો વધુ આક્રમક મુડમાં દેખાવા મળી હતી અટકાયત વખતે પોલીસ અને કાર્યકરો-આગેવાનો વચ્ચે ઝપાઝપી અને બળપ્રયોગ ઉપરાંત ટીંગાટોળીના દશ્યો સર્જાયા હતા. પોલીસે કળપ્રયોગ કરીને કોંગ્રેસના વિધાનસભા ઘેરાવ કાર્યક્રમને નિષ્ફળ બનાવ્યો હતો. પોલીસે ૩૦૦થી વધુ આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી બપોર પછી મુક્ત કરી દીધા હતા.

મહત્વની જાહેરાતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસને સંતુલિત કરવાનું પગલું ભરી શકે છે. આ ઉપરાંત જિલ્લાઓને આપવામાં આવતી આયોજન મંડળની ગ્રાન્ટના કદમાં પણ વધારો કરી શકે છે. દિવ્ય ગુજરાત અને ભવ્ય ગુજરાતના નિર્માણના સંકલ્પ સાથે તેઓ પોતાના બજેટમાં ચાલુ વર્ષ કરતાં ૧૦ થી ૧૨ ટકાનો વધારો સૂચવશે અને નવી આવકના સાધનોમાંથી વધુ આવક મેળવવા સાથે વ્યવસાયવેરાના કર માળખામાં સુધારા કરે તેવી શકયતા છે. આ ઉપરાંત સર્વિસ ટેક્ષ પર સેસ લાદી તેઓ નવી આવક મેળવે તેવી શકયતાઓ છે.

અદલ પલાંઠી...

● ૪ પાનાનું ચાલુ...

મિસરી
"મારી પાસે ઢગલો રેતી
તારી પાસે ખોબો જળ
ચાલને રમીએ પળ બે પળ"

(કૃષ્ણ દવે) - santoshdevkar03@gmail.com